રાજયની પ્રાથમિક શાળાઓમાં આવેલ
જર્જરિત અને ભયજનક મકાનો/
વર્ગખંડો તોડી પાડવા માટેની કાર્યપધ્ધતિ
નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૧૪/૫૩/૩૬૩૬/ચ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ. ૦૪/૦૩/૨૦૧૫.

આમુખ :-

રાજયમાં આવેલા જુદા જુદા જિલ્લાની શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં બાંધવામાં આવેલ સંરચના સહિતનાં મકાનો/વર્ગખંડો ( પ્રિ.ફેબ પધ્ધતિ ધ્વારા બનાવવામાં આવેલ સહિત)કે જે ઘણા લાંબા સમય પહેલાં બાંધવામાં આવેલ છે તે પૈકી ૧૧૨૬૯ મકાનો/વર્ગખંડો ખૂબજ જર્જરિત અને ભયજનક હાલતમાં આવી જવાથી બિન ઉપયોગી હોઇ તેને વહેલામાં વહેલી તકે તોડી પાડવાની જરૂરિયાત રહે છે જેથી આ મકાનો/વર્ગખંડો તોડીને આ સ્થળે સર્વ શિક્ષા અભિયાન ધ્વારા નવા મકાનો બાંધવાની પ્રક્રિયા હાથ ધરી શકાય.આ મકાનો/વર્ગખંડોને તોડી પાડવા માટે જુદા જુદા જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણ સમિતિ ધ્વારા જુદી જુદી પ્રક્રિયાઓ અનુસરવામાં આવે છે. આ પ્રક્રિયા જટીલ હોવાથી આ કામગીરીમાં ઘણો જ વિલંબ થાય છે. આ પ્રક્રિયામાં ઝડપ અને એકસુત્રતા લાવવાનાં હેતુથી એક કાર્યપધ્ધંતિ નિયત કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓની સંરચના સહિતના જર્જરિત, ભયજનક અને બિનઉપયોગી (પ્રિ.ફેબ પધ્ધતિ ધ્વારા બનાવવામાં આવેલ સહિત)

(P.T.O.)

૧૧૨૬૯ મકાનો /વર્ગખંડોને તોડી પાડવા અંગે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રાજ્યની પ્રાથમિક શાળાઓના કુલ ૧૧૨૬૯ જર્જરિત, ભયજનક અને બિન ઉપયોગી ઓરડાઓ/વર્ગખંડો તોડી પાડવાની સત્તા નાણા વિભાગના નાણાકીય સત્તા(સોંપણી) નિયમો,૧૯૯૮ના નિયમ-૪ની જોગવાઇ અન્વયે એક વખતની સત્તા( One time approval) જિલ્લા વિકાસ અધિકારીઓને સોંપવામાં આવે છે.

(૨) શાળાનાં જૂના મકાન તોડવાની કામગીરી તથા નવા મકાનનાં બાંધકામની ગુણવત્તા પર નજર રાખવા ગ્રામ્ય કક્ષાની શિક્ષણને લગતી સમિતીને સામેલ કરવાની રહેશે.

(૩) જૂના બાંધકામ તોડવા અને કાટમાળ ખસેડવા માટે શકય હોય ત્યાં સુધી સ્થાનિક સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪) શાળાનાં નવા મકાનનાં બાંધકામ કરનાર કોન્ટ્રાકટર/એજન્સીને જ જૂના ઓરડા/વર્ગ ખંડો તોડી પાડવાની કામગીરી તથા કાટમાળ ખસેડવાની કામગીરી પણ સોંપવામાં આવે તેવી રીતે ટેન્ડર પ્રક્રિયા કરવાની રહેશે.

આ હુકમો સમાન ક્રમાંકની ફાઇલ પરની નણા વિભાગની તારીખ :૦૪/૦૨/૨૦૧૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(અશોક પટેલ)

ઉપસચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં), નાણાં વિભાગ,સિચવાલય,ગાંધીનગર.

(૨) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,ગાંધીનગર

(૩) સંયુકત સચિવશ્રી(પ્રા.શિ.) શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

(P.T.O.)

(૪) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય,ગાંધીનગર
(૫) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

એસ.એસ.એ.

(૬) તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ

(૭) ઝ-શાખા,નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૮) તમામ તિજોરી અધિકારીશ્રીઓ (મારફત નિયામકશ્રી હિસાબ અને તિજોરી,ગાંધીનગર)

(૯) કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)

(૧૦) સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,ચ-શાખા